Extra No. 259

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY , SEPTEMBER 17, 2025 / BHADRA 26, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-મનપા-કરમસદ આણંદ -યુનિટ-૮-૨૦૨૫.

કરમસદ આણંદ મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ની કલમ-૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ-૧૪ની પેટા-કલમ (૨) હેઠળ, રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર, રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી યોજવાની થાય છે.

૨. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમમાં સુધારો કરી ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૦૯ મહાનગરપાલિકામાં લગભગ અડધી બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ રાજ્ય સરકારે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના (સુધારા) નિયમો, ૨૦૧૫થી મહાનગરપાલિકા માટે દરેક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિનઅનામત રાખવા જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી દરેક કોર્પોરેશનમાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની મૂળ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો, પછાતવર્ગની વ્યક્તિઓ માટેની ઉપલબ્ધ અનામત, બેઠકોની કુલ સંખ્યાની એકંદરે અનામત પચાસ ટકા (અનામત) ને આધીન રહીને, અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવેલી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૫ની પેટા કલમ (૪), (૫), (૬) અને (૭) સાથે વાંચતાં કલમ (૩)ના ખંડ (iii)ના પેટા ખંડ (ક) તથા કલમ-૫ ની પેટા કલમ (૪), (૫), (૬) અને (૭) સાથે વાંચતાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક KV-235 OF 2025/UDUHD/MSM/e-file/18/2025/0418/P તા. 09/07/2025 (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) થી કરમસદ આણંદ મહાનગરપાલિકા (જેનો હવે પછી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તેના સને ૨૦૧૧ ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા આધારે કરમસદ આંણદ મહાનગરપાલિકાને ૧૩ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ બેઠકો ૫૨ નક્કી કરેલ છે. તેમજ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ (આ વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૫. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ના નિયમ-૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, તમામ વોર્ડોની વસતી શક્ય હોય તેટલે સુધી સમાન રહે. ખાસ કરીને વોર્ડોની વસતીનો તફાવત, શહેરના વોર્ડની એકંદરે વસતીના દસ ટકા કરતાં વધુ હોવો જોઈએ નહિ. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવી ખાતરી થાય કે, સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણાં કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસતીમાં કરવી જરૂરી છે, તો તે સંજોગોમાં ચૂંટણી આયોગ ૧૦ ટકા થી વધુ વધ કે ઘટ કરીને વોર્ડોની રચના કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૧૧ની વસતી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગરપાલિકાની કુલ વસતી ૨,૯૩,૪૨૦ આવે છે. જાહેરનામા પ્રમાણે મહાનગરપાલિકાને ૧૩ વોર્ડોમાં વિભાજીત કરવામાં આવેલ છે. તેથી, વોર્ડની સરેરાશ વસતી ૨૨,૫૭૧ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે મુજબ કોઈપણ વોર્ડની વસતી સરેરાશ વસતીના ૧૦ ટકાથી વધતી નથી કે ૧૦ ટકા ઘટતી નથી.

૮. મહાનગરપાલિકાના ૧૩ વોર્ડોનું નિયમોના નિયમ-૩ ની જોગવાઇને ધ્યાનમાં રાખી આ આદેશ સાથે સામેલ અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી રેલ્વેલાઈન, રોડરસ્તા વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ - ૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે તેમજ નિયમોના નિયમ-૫ અન્વયે દરેક વોર્ડોમાંથી બે બેઠકો સ્ત્રીઓ, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રીઓ સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિનઅનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠક સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરવાનું થાય. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગના ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠકો આ જાતિઓની વસતીની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે એમ નક્કી કરેલ છે.

૧૧. જાહેરનામા મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે તે પૈકી ૧(એક) બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત રાખવાનું નક્કી કરેલ છે.

૧૨. સને ૨૦૧૧ ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ સૂચિત વોર્ડની વસતી તથા દરેક વોર્ડોમાં અનુસૂચિત જાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ જો વોર્ડને ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો અનુસૂચિત જાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય.

ખાસ ક્રમાંક	વોર્ડ નં.	વોર્ડની કુલ વસતી	વોર્ડમાં અનુસૂચિત જાતિની કુલ વસતી	વોર્ડની કુલ વસતી સામે અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી(%)
૧	૫	૨૧૯૯૮	૨૪૪૭	૧૧.૧૨
૨	૧૨	૨૪૦૮૮	૧૬૧૩	૬.૬૯
૩	૭	૨૩૮૮૬	૧૪૫૨	૬.૦૭
૪	૨	૨૨૯૮૩	૧૩૭૫	૫.૯૮
૫	૧	૨૩૫૫૫	૧૨૩૦	૫.૨૨
૬	૯	૨૧૨૨૦	૮૯૫	૪.૨૧
૭	૧૦	૨૦૩૭૪	૮૪૬	૪.૧૫
૮	૧૧	૨૦૮૬૦	૫૭૮	૨.૭૭
૯	૧૩	૨૪૫૯૪	૬૬૩	૨.૬૯
૧૦	૪	૨૨૦૬૧	૪૯૨	૨.૨૩
૧૧	૬	૨૧૨૬૬	૩૭૦	૧.૭૩
૧૨	૮	૨૨૯૧૧	૨૫૭	૧.૧૨
૧૩	૩	૨૩૬૨૪	૮૯	૦.૩૭
કુલ		**૨૯૩૪૨૦**	**૧૨૩૦૭**	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ ખાસ ક્રમાંક ૧ અને ૨, અનુક્રમે વોર્ડ નં ૫ અને ૧૨ માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠકની ફાળવણી કરવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસતીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ આયોગે નક્કી કરેલ છે. આ પ્રમાણે ગોઠવણી કરતાં વોર્ડ નં. ૫ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં. ૧૨ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨, ૩ તથા ૧૧ માં નિયમ-૬(અ) હેઠળ ફાળવવાની થાય. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવાની થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠક
૧	૫	અનુસૂચિત જાતિ
૨	૧૨	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૬. જાહેરનામા અન્વયે કરમસદ આણંદ મહાનગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નક્કી કરેલ છે. તે પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નક્કી કરેલ છે.

૧૭. સને : ૨૦૧૧ ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ સૂચિત વોર્ડની વસતી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસતી	અનુસૂચિત આદિજાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી
૧	૫	૨૧૯૯૮	૧૧૮૯	૫.૪૦
૨	૩	૨૩૬૨૪	૧૨૨૧	૫.૧૬
૩	૧૨	૨૪૦૮૮	૧૧૯૬	૪.૯૬
૪	૨	૨૨૯૮૩	૧૧૨૮	૪.૯૦
૫	૬	૨૧૨૬૬	૯૫૫	૪.૪૯
૬	૯	૨૧૨૨૦	૯૩૬	૪.૪૧

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસતી	અનુસૂચિત આદિજાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી
૭	૧૩	૨૪૫૯૪	૧૦૭૩	૪.૩૬
૮	૧	૨૩૫૫૫	૮૬૨	૩.૬૫
૯	૮	૨૨૯૧૧	૮૦૪	૩.૫૦
૧૦	૭	૨૩૮૮૬	૫૪૯	૨.૨૯
૧૧	૧૧	૨૦૮૬૦	૪૪૨	૨.૧૧
૧૨	૪	૨૨૦૬૧	૩૦૦	૧.૩૫
૧૩	૧૦	૨૦૩૭૪	૨૩૭	૧.૧૬
કુલ		૨૯૩૪૨૦	૧૦૮૯૨	

૧૮. આમ, અનુસૂચિત આદિજાતિની વસતીની ઉંચી ટકાવારીના ક્રમ બુજબ વોર્ડ નં. ૫ અને ૩ માં નિયમ-૬(અ) હેઠળ અનુસૂચિત આદિજાતિ માટેના અનામત બેઠક ફાળવણી કરવાની થાય.

૧૯. અનુસૂચિત આદિજાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસતીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ આયોગ માને છે. આ બેઠકની ફાળવણી વખતે જો તે વોર્ડમાં અનુસૂચિત જાતિ માટે ફળવાઈ હોય તેવા કિસ્સામાં અનુસૂચિત જાતિની સ્ત્રી બેઠક આ વર્ગ માટેના વોર્ડોમાં ચઢતા કે ઉતરતા ક્રમમાં ફાળવવાની થાય. અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં. ૫અને ૩ માં નિયમોના નિમય-૬(અ) હેઠળ ફાળવવાની થાય. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે ફાળવવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠક
૧	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨	૩	અનુસૂચિત આદિજાતિ

૨૦. જાહેરનામા અન્વયે ૧૪ બેઠકો પછાત વર્ગ માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૭ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત કરવામાં આવેલ છે.

૨૧. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(અ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતીની મળેલ માહિતિના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

કરમસદ આણંદ મહાનગરપાલિકાના સૂચિત ૧૩ વોર્ડની વસતી તથા પછાતવર્ગની અંદાજીત વસતી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની કુલ વસતી	પછાતવર્ગની કુલ વસતી (અંદાજિત)	વોર્ડની વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી
૧	૪	૨૨૦૬૧	૯૦૩૬	૪૦.૯૫
૨	૩	૨૩૬૨૪	૮૮૭૪	૩૭.૫૬
૩	૭	૨૩૮૮૬	૮૦૩૨	૩૩.૬૨
૪	૫	૨૧૯૯૮	૬૮૩૩	૩૧.૦૬
૫	૧૦	૨૦૩૭૪	૬૦૯૨	૨૯.૯૦
૬	૬	૨૧૨૬૬	૬૧૫૦	૨૮.૯૧
૭	૧	૨૩૫૫૫	૬૭૦૮	૨૮.૪૭

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની કુલ વસતી	પછાતવર્ગની કુલ વસતી (અંદાજિત)	વોર્ડની વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી
૮	૨	૨૨૯૮૩	૫૭૦૬	૨૪.૮૨
૯	૮	૨૨૯૧૧	૫૩૫૦	૨૩.૩૫
૧૦	૧૧	૨૦૮૬૦	૪૪૧૩	૨૧.૧૫
૧૧	૧૩	૨૪૫૯૪	૩૮૭૮	૧૫.૭૬
૧૨	૧૨	૨૪૦૮૮	૩૪૭૬	૧૪.૪૩
૧૩	૦૯	૨૧૨૨૦	૨૦૭૯	૯.૭૯
કુલ		**૨૯૩૪૨૦**	**૭૬૬૨૭**	

- પછાત વર્ગના ખાસ ક્રમાંક નં. ૩ અને ૪ ના અનુક્રમે વોર્ડ નં. ૭ અને ૫ માં પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે જે અન્વયે વોર્ડ નં ૭ માં પછાતવર્ગની બેઠક ફાળવીએ, પરંતુ વોર્ડ નં.૫ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક અગાઉથી ફળવાયેલ હોઈ, બીજી બેઠક માટે પછાતવર્ગ સ્ત્રીની અનામત બેઠક ફાળવીએ.

- પછાત વર્ગના ખાસ ક્રમાંક નં. ૧૧ અને ૧૨ ના અનુક્રમે વોર્ડ નં. ૧૩ અને ૧૨ માં અનુક્રમે પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રીની બેઠકની ફાળવવાની કરવાની થાય છે. પરંતુ ખાસ ક્રમાંક ૧૨ વોર્ડ નં. ૧૨ માં અનુસૂચિત જાતિ સ્ત્રીની બેઠક ફાળવેલ હોઈ, ખાસ ક્રમાંક ૧૧ વોર્ડ નં. ૧૩ અને ખાસ ક્રમાંક ૧૨ ના વોર્ડ નં. ૧૨ ની ચડ-ઉતર કરી વોર્ડ નં. ૧૩ માં પછાતવર્ગ સ્ત્રી અને વોર્ડ નં. ૧૨ માં પછાતવર્ગની બેઠક ફાળવીએ. સમગ્રત: પછાતવર્ગની બેઠક ફાળવણી નીચે મુજબ થાય છે. આથી પછાતવર્ગની બેઠકોની સમગ્રત: ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે ફાળવવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠક
૧	૪	પછાતવર્ગ
૨	૩	પછાતવર્ગ સ્ત્રી
૩	૭	પછાતવર્ગ
૪	૫	પછાતવર્ગ સ્ત્રી
૫	૧૦	પછાતવર્ગ
૬	૬	પછાતવર્ગ સ્ત્રી
૭	૧	પછાતવર્ગ
૮	૨	પછાતવર્ગ સ્ત્રી
૯	૮	પછાતવર્ગ
૧૦	૧૧	પછાતવર્ગ સ્ત્રી
૧૧	૧૩	પછાતવર્ગ
૧૨	૧૨	પછાતવર્ગ સ્ત્રી
૧૩	૯	પછાતવર્ગ
૧૪	૪	પછાતવર્ગ સ્ત્રી

૨૨. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક બાકી રહેતી બેઠકો બિનઅનામત તરીકે ફાળવવામાં આવે છે. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને કરમસદ આણંદ મહાનગરપાલિકાના આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૩. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠકોની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૪. અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો રજૂ કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, સરદાર ભવન, બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રી, કરમસદ આંણદને આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ કરમસદ આણંદ મહાનગરપાલિકાના વોર્ડની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૧

કરમસદ આંણદ મહાનગરપાલિકા, કરમસદ આંણદ જિલ્લો

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-મનપા-કરમસદ આણંદ યુનિટ-૮-૨૦૨૫, તા. ૧૭/૦૯/૨૦૨૫નું બિડાણ.

સને, ૨૦૧૧ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડાના આધારે કરમસદ આણંદ મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડોનું વર્ણન.

વોર્ડ નં. ૧ ની હદનું વર્ણન.

મોજે ગામ બાકરોલના રે.સ.નં. ૯૬૬થી શરૂ થઈ ઈશાન દિશા તરફ મોજે ગામ જોળ તથા બાકરોલની હદે-હદે બાકરોલના રે.સ.નં. ૯૬૭, ૯૭૩, ૯૬૪, ૯૭૫, ૯૭૬, ૧૦૫૫, ૧૦૫૭, ૧૦૫૮, ૧૧૮૨, ૧૧૮૩, ૧૧૮૭, ૧૧૯૯, ૧૨૦૦, ૧૨૦૧ની ઉત્તર હદ સુધી ત્યાંથી રે.સ.નં. ૧૨૧૧ની વાયવ્ય હદ સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ ૧૨૧૧ની હદ સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ રે.સ.નં. ૧૨૧૨ની વાયવ્ય હદ સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૧૨૧૨ની ઈશાન હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૨૧૨, ૧૨૧૧, ૧૨૧૦, ૧૨૦૯, ૧૨૦૮, ૧૨૦૭, ૧૧૭૫, ૧૧૭૪, ૧૧૭૨, ૧૧૭૧, ૧૧૬૯, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૫૬, ૧૧૫૨, ૧૦૮૨, ૧૦૮૩, ૧૧૫૨/૧, ૧૦૩૦, ૧૦૨૯, ૧૦૨૮, ૧૦૨૭ની પૂર્વ હદે-હદે થઈ વડતાલ રોડ સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ વડતાલ રોડની હદે-હદે રે.સ.નં. ૧૦૨૦, ૧૧૫૨ પૈકી, ૧૦૧૯, ૧૦૧૮, ૨૫૬૮ની ઈશાન હદે-હદે રે.સ.નં. ૨૫૭૧ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ રે.સ.નં. ૨૫૭૨, ૨૫૮૯, ૨૫૮૮, ૨૫૮૬, ૨૪૦૦, ૨૪૦૧, ૨૪૦૨, ૨૪૦૫, ૨૪૦૮, ૨૪૦૭, ૨૩૭૦, ૨૩૭૧, ૨૩૬૫, ૨૩૫૮, ૨૩૫૭ની ઈશાન હદે-હદે (વડતાલ રોડની હદે-હદે) વિદ્યાનગરના સી.સ. નં. ૧૭૭૩ની ઉત્તર હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ સી.સ. નં. ૧૭૭૨, ૧૭૬૭, ૧૭૬૬, ૧૭૩૫, ૧૭૩૪, ૧૭૧૨, ૧૭૧૧, ૧૬૯૩, પ્લોટ નં. કે-૧૮૮, કે-૧૮૯, એલિકોન ગાર્ડનની ઉત્તર હદે-હદે થઈ પ્લોટ નં. કે-૧૮૫, કે-૧૮૬, કે-૧૮૭ના ઉત્તર હદ સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ સી.સ.નં. ૧૬૩૫, ૧૬૩૪, ૧૬૧૫, ૧૬૧૪, ૧૫૯૫, ૧૫૯૪, ૧૫૭૫, ૧૫૭૪, ૧૫૫૫, ૧૫૫૪, ૧૫૩૫, ૧૫૩૪, ૧૪૪૬, ૧૪૪૫, ૧૪૩૨, ૧૪૩૧, ૧૪૨૦, ૧૪૧૯, ૧૪૦૯, ૧૪૦૮, ૧૩/૨, ૧૨૬૯, ૧૨૪૭ની ઈશાન દિશા તરફની હદે-હદે (વડતાલ રોડ) સી.સ.નં. ૧૦૯૨ સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ સી.સ.નં. ૧૦૯૨ની અગ્નિ દિશાની હદે-હદે સી.સ.નં.૧૦૯૦ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સી.સ.નં. ૧૦૯૦, ૧૦૮૯, ૧૦૮૩ની પૂર્વ હદે-હદે સી.સ.નં.૧૦૮૩ના દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સી.સ.નં. ૧૦૮૪, ૧૦૮૫, ૧૦૮૬, મ્યુનિ. ઓફિસ સી.સ.નં.૧૨૨૭, ૧૨૨૬, ૧૨૧૦ની દક્ષિણ હદે-હદે પ્લોટ નં. કે-૧૪૮ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ પ્લોટ કે-૧૪૭, કે-૧૪૬ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ પ્લોટ નં. કે-૧૪૬ સરદાર પટેલ યુનિવર્સિટી પ્લોટ નં. કે-૨૨૭ સી.સ.નં. ૨૦૨૧ વિગેરેની દક્ષિણ હદે-હદે થઈ રે.સ.નં. ૧૬૧ની પૂર્વ હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૬૧, ૧૬૩ની પૂર્વ તરફની હદે-હદે થઈ રે.સ.નં. ૧૬૩ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૬૩, ૧૬૪, ૧૩૧, ૧૩૨, ૩૨૦, ૩૨૧ની દક્ષિણ હદે-હદે થઈ રે.સ.નં. ૩૨૩ની દક્ષિણ હદ સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ રે.સ.નં. ૩૨૩ની નૈઋત્ય હદે થઈ રે.સ.નં. ૩૩૦ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૩૩૦, ૩૩૧, ૩૬૨ની દક્ષિણ હદે થઈ રે.સ.નં. ૩૬૭ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ રે.સ.નં. ૩૬૭, ૩૬૯ની પૂર્વ હદે-હદે રે.સ.નં. ૩૬૯ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૩૬૯, ૩૭૦, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૦૩, ૪૦૪ની દક્ષિણ હદે-હદે થઈ રે.સ.નં. ૪૦૪ની દક્ષિણ હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૪૦૪ ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૪૦૫ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૪૦૫, ૪૦૬, ૪૦૭ની દક્ષિણ હદે-હદે થઈ રે.સ.નં. ૪૦૭ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૪૦૭, ૪૧૪, ૪૧૫ની પશ્ચિમ હદે-હદે થઈ રે.સ.નં. ૪૩૮ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૪૩૮ની દક્ષિણ હદે થઈ રે.સ.નં. ૪૩૯ની દક્ષિણ હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૪૩૯ ની પશ્ચિમ હદે થઈ રે.સ.નં. ૪૩૯, ૪૩૮ની ઉત્તર હદે થઈ રે.સ.નં. ૪૪૧ નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૪૪૧, ૪૪૪, ૪૪૫, ૪૪૭, ૪૪૮, ૪૪૯, ૪૫૨, ૪૫૩, ૪૫૪, ૪૯૨/૧ની પશ્ચિમ હદે-હદે થઈ રે.સ.નં.૬૦૮/૨ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૬૦૯ થી ૬૧૪ તથા રે.સ.નં. ૬૨૨, ૬૨૩, ૬૩૪, ૬૩૫, ૬૬૪ની દક્ષિણ હદે-હદે રે.સ.નં. ૬૬૫ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ રે.સ.નં.૬૬૬, ૬૬૯,

૬૭૦, ૬૭૨ની અગ્નિ દિશા તરફની હદે-હદે રે.સ.નં. ૬૭૨ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ રે.સ.નં.૬૭૨, ૬૭૩, ૬૯૨, ૬૯૩, ૬૯૪, ૬૯૫, ૬૯૮, ૬૯૯, ૮૦૪, ૮૦૬, ૮૦૭, ૮૦૮, ૮૧૧, ૮૨૦, ૮૧૩ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં.૮૨૩ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં.૮૨૩ થી ૮૨૭ના વાયવ્ય હદે-હદે થઈ રે.સ.નં.૮૨૮ ની ઉત્તર હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં.૮૨૮, ૮૨૯ની ઉત્તર હદે-હદે રે.સ.નં.૯૬૬ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ સમસ્ત વિસ્તાર.

વોર્ડ નં. ૨ ની હદનું વર્ણન.

મોજે ગામ બાકરોલના રે.સ.નં. ૧૨૨૦ના વાયવ્ય ખૂણેથી ઈશાન દિશા તરફ બાકરોલ-કણઝરીની હદે-હદે બાકરોલના રે.સ.નં. ૧૨૨૧ થી ૧૨૨૫, ૧૨૮૧, ૧૨૯૧, ૧૨૯૨, ૧૨૯૬, ૧૨૯૭, ૧૨૯૮, ૧૩૦૦, ૧૩૦૧ની ઉત્તર હદે-હદે રે.સ.નં.૧૩૦૧ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૧૩૪૬, ૧૩૪૭, ૧૩૫૫, ૧૩૫૭, ૧૩૫૮, ૧૩૮૭, ૧૩૮૯ની વાયવ્ય હદે-હદે ૧૩૮૯ ની ઉત્તર હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં. ૧૩૮૯, ૧૩૯૧, ૧૩૯૨, ૧૩૯૭, ૧૩૯૪ની ઉત્તર હદે-હદે રે.સ.નં. ૧૩૯૪ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ રે.સ.નં.૧૩૯૪, ૧૩૯૫, ૧૪૦૩ ઈશાન દિશા તરફની હદે-હદે રે.સ.નં. ૧૪૦૩ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં.૫૭, ૫૮/૨, ૫૯ની ઉત્તર હદે-હદે રે.સ.નં. ૫૯ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં.૫૯, ૫૫/૨ની પૂર્વ હદે થઈ રે.સ.નં.૬૦ ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં. ૬૩/૧, ૬૯/૧, ૭૨, ૭૮/૧, ૭૯/૧, ૮૦, ૯૧, ૯૨, ૯૩, ૧૧૯, ૧૨૦, ૧૫૭, ૧૫૮ની ઉત્તર હદે-હદે થઈ રે.સ.નં.૧૮૨ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં.૧૮૫, ૧૮૬ની વાયવ્ય હદે થઈ રે.સ.નં.૧૮૭ ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ રે.સ.નં. ૧૮૭, ૨૦૦ની ઉત્તર હદે થઈ રે.સ.નં. ૨૦૨ ની ઉત્તર હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં.૨૦૩, ૨૦૪, ૨૦૬, ૨૧૧, ૨૧૨ની ઉત્તર હદે થઈ રે.સ.નં.૨૧૨ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ રે.સ.નં.૨૧૨, ૨૧૩ ની પૂર્વ હદે થઈ રે.સ.નં.૨૪૪ ના ઉત્તર દિશા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં.૨૪૪, ૨૪૫, ૨૪૬, ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૨૫૪, ૨૬૨, ૨૬૩ની વાયવ્ય હદે-હદે રે.સ.નં.૨૬૩ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ રે.સ.નં.૨૬૩, ૨૬૪, ૨૬૫, ૨૬૬, ૨૬૭ની ઈશાન હદે-હદે રે.સ.નં.૨૬૭ની દક્ષિણ હદ સુધી ત્યાંથી રે.સ.નં.૨૭૩, ૨૭૪ની અગ્નિ દિશાની હદે-હદે રે.સ.નં.૨૭૪ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં.૨૯૧ની પૂર્વ હદે થઈ રે.સ.નં.૨૯૧ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય તરફ રે.સ.નં.૨૯૧, ૨૯૨, ૨૯૩, ૩૬૭, ૩૯૦, ૩૯૧ની અગ્નિ દિશા તરફની હદે-હદે રે.સ.નં.૩૯૧ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી નૈઋત્ય તરફ અમદાવાદ-મુંબઈ રેલવે લાઈન ક્રોસ કરી રે.સ.નં. ૩૯૫, ૩૯૬, ૩૯૯, ૫૫૫, ૫૫૬, ૫૫૭, ૫૭૧ની અગ્નિ દિશાની હદે-હદે દાંડી માર્ગ સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૯૯૯, ૨૦૦૦, ૨૦૩૦ની પૂર્વ હદે થઈ રે.સ.નં. ૨૦૩૦ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૨૦૩૦, ૨૦૩૧, ૨૦૩૪, ૨૦૩૫, ૨૦૩૬, ૨૬૧૨, ૨૦૩૮, ૨૦૪૦, ૨૦૪૩, ૨૦૪૪, ૨૦૫૧, ૨૦૫૨, ૨૦૫૪ની દક્ષિણ હદે-હદે થઈ રે.સ.નં.૨૦૫૪ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ રે.સ.નં.૨૨૦૭, ૨૨૦૬, ૨૨૦૫ની અગ્નિ દિશાની હદે-હદે થઈ રે.સ.નં.૨૨૦૫ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ હરિઓમ નગરની પૂર્વ હદે થઈ નીલકંઠ મહાદેવની દક્ષિણ હદ સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ હરિઓમ નગરની નૈઋત્ય દિશાની હદે-હદે રે.સ.નં. ૨૧૬૩ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં.૨૧૬૪, ૨૧૬૫, ૨૧૬૬, ૨૧૬૭, ૨૧૬૮, ૨૧૬૯, ૨૧૭૧, ૨૧૭૦, ૨૩૫૦, ૨૩૫૧ની દક્ષિણ હદે થઈ રે.સ.નં.૨૩૫૭ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ રે.સ.નં. ૨૩૫૭, ૨૩૫૮, ૨૩૬૬, ૨૩૬૫, ૨૩૬૭, ૨૩૭૦, ૨૪૦૯, ૨૪૦૮, ૨૪૧૧, ૨૪૧૨, ૨૪૦૧, ૨૫૮૬, ૨૫૮૭, ૨૫૮૮, ૨૫૭૨, ૨૫૬૮, ૧૦૧૮, ૧૦૧૯, ૧૧૫૨પૈકી (એસ. પી. યુનિવર્સિટી-બાયોટેક ડિપાર્ટમેન્ટ)ની નૈઋત્ય હદે-હદે રે.સ.નં. ૧૧૫૨પૈકી ની વાયવ્ય હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૧૦૮૯, ૧૦૮૮, ૧૦૮૭, ૧૦૮૬, ૧૦૮૪, ૧૧૫૨, ૧૧૫૩, ૧૧૪૮, ૧૨૫૦, ૧૨૪૭, ૧૨૪૬, ૧૨૪૫, ૧૨૪૪, ૧૨૪૨, ૧૨૪૧, ૧૨૧૩, ૧૨૧૪, ૧૨૧૫, ૧૨૧૬, ૧૨૧૭, ૧૨૧૮, ૧૨૨૦ની પશ્ચિમ હદે-હદે થઈ રે.સ.નં.૧૨૨૦ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩ ની હદનું વર્ણન.

મોજે ગામ આણંદના રે.સ.નં. ૨૭૫૮ના વાયવ્ય ખૂણેથી શરૂ થઈ લાંભવેલ-આણંદની રેવન્યુ હદે-હદે ઈશાન દિશા તરફ આણંદના રે.સ.નં. ૨૭૫૭ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૨૭૪૪, ૨૭૪૩, ૨૭૪૦, ૨૭૩૯, ૨૭૪૧, ૨૭૩૬, ૨૭૩૪, ૨૭૩૨, ૨૭૩૧, ૨૭૧૬ની પશ્ચિમ હદે-હદે થઈ રે.સ.નં. ૨૭૧૬ ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૨૭૧૩ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં. ૨૭૧૩, ૨૭૧૨, ૨૭૧૧, ૨૭૧૦ની ઉત્તર હદે થઈ રે.સ.નં. ૨૭૧૦ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૨૭૧૦, ૨૭૦૯, ૨૭૦૮ની પૂર્વ હદે-હદે થઈ રે.સ.નં.૨૭૦૨ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં. ૨૭૦૨, ૨૬૯૭, ૨૬૯૮ની ઉત્તર હદે થઈ રે.સ.નં. ૨૬૯૮ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૨૬૯૮, ૨૬૯૬, ૨૬૮૯, ૨૬૮૬, ૨૬૮૫ની પૂર્વ હદે-હદે ને.હા.નં. ૪૮ સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ નેશનલ હાઈવેની હદે-હદે રે.સ.નં. ૨૬૧૯ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ રે.સ.નં. ૨૬૧૮, ૨૬૧૭, ૨૬૧૬, ૨૬૧૨, ૨૬૧૧, ૨૬૨૯, ૨૬૩૦, ૨૮૧૮, ૨૮૧૯, ૨૮૨૦ની પૂર્વ હદે થઈ રે.સ.નં. ૨૮૨૦ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં. ૨૫૦૫, ૨૫૦૬, ૨૫૦૭, ૨૫૧૧ની ઉત્તર હદે થઈ રે.સ.નં. ૨૫૧૧ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ રે.સ.નં. ૨૫૧૧, ૨૫૦૮, ૨૫૦૫, ૨૪૫૭, ૨૪૫૫, ૨૪૬૧, ૨૪૫૩, ૨૪૪૪ની અગ્નિ દિશા તરફની હદે-હદે અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈન ક્રોસ કરી ફા.પ્લો.નં. ૪૯૪/એ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ફા.પ્લો.નં. ૪૯૪/એ ની અગ્નિ દિશા તરફ દક્ષિણ હદે થઈ અગ્નિ દિશા તરફ પોલસન રોડની હદે-હદે ફા.પ્લો.નં. ૨૮૭ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ ફા.પ્લો.નં. ૨૮૭, ૨૮૬, ૨૮૫, ૨૮૪ની ઈશાન હદે-હદે અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈનની હદે-હદે જુના દાદર સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ ફા.પ્લો.નં. ૨૮૩, ૨૮૧, ૨૮૦ની અગ્નિ દિશા તરફની હદે-હદે ફા.પ્લો.નં. ૨૮૦ના

નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૪૭૪ના દક્ષિણ ખૂણા સુધી (ગુજરાતી ચોક) ત્યાંથી પશ્ચિમ તરફ ફા.પ્લો.નં. ૪૭૬ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૪૭૬, ૪૭૫, ૪૭૭ની પશ્ચિમ હદે-હદે થઈ ફા.પ્લો.નં. ૪૭૮ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ફા.પ્લો.નં. ૪૭૯ પૈકી ઘાસવાલા સ્કૂલના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૪૭૯ પૈકી, ૪૮૭, ૪૯૨ની પશ્ચિમ હદે-હદે થઈ ફા.પ્લો.નં. ૪૯૩ના ઉત્તર ખૂણે આવેલ ભાલેજ રોડ ઓવરબ્રિજ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ભાલેજ રોડ ઓવરબ્રિજની પૂર્વ હદે-હદે ૧૦૦ ફૂટ રોડ સુધી (ફા.પ્લો.નં. ૯૫ની હદ સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ ફા.પ્લો.નં. ૯૫, ૯૬, ૯૭, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૮૭ની દક્ષિણ હદે-હદે ફા.પ્લો.નં. ૧૮૭ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન તરફ ફા.પ્લો.નં. ૧૮૭ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય તરફ ૧૮૪, ૧૮૧ ની નૈઋત્ય હદે-હદે ફા.પ્લો.નં. ૧૮૦ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૧૮૦, ૫૫, ૫૪, ૪૮ની પશ્ચિમ હદે-હદે થઈ ફા.પ્લો.નં. ૪૮ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ ફા.પ્લો.નં. ૪૮, ૪૯, ૫૦, ૫૧ની ઉત્તર હદે-હદે ફા.પ્લો.નં. ૮ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૮, ૯, ૧૦,૧૩,૧૫,૧૬ તથા રે.સ.નં.૯૧, ૯૬, ૯૭ની પશ્ચિમ તરફની હદે-હદે અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈન સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈનની હદે-હદે રે.સ.નં. ૨૭૫૮ના વાયવ્ય ખૂણા સુધીના સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪ ની હદનું વર્ણન.

મોજે ગામ આણંદના રે.સ.નં. ૨૫૯૪ના વાયવ્ય હદેથી શરૂ થઈ પૂર્વ તરફ મોજે ગામ-સામરખાની હદે-હદે રે.સ.નં. ૨૫૯૪, ૨૫૯૩, ૨૫૯૨, ૨૫૯૧, ૨૫૯૦ની ઉત્તર હદે-હદે રે.સ.નં. ૨૫૯૦ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૨૫૯૦, ૨૫૮૯, ૨૫૮૫ની પૂર્વ હદે-હદે રે.સ.નં. ૨૫૮૩ની ઉત્તર હદ સુધી રે.સ.નં. ૨૫૮૩ ની ઉત્તર હદે-હદે રે.સ.નં. ૨૨૮૩ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૨૫૮૩, ૨૫૮૨, ૨૫૮૧, ૨૫૮૦, ૨૫૩૬, ૨૫૩૧, ૨૫૩૦ ની પશ્ચિમ હદે-હદે થઈ રે.સ.નં. ૨૫૩૦ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય તરફ રે.સ.નં. ૨૫૨૯, ૨૫૨૬, ૨૫૨૫ની અગ્નિ દિશા તરફની હદે-હદે રે.સ.નં. ૨૫૨૩ ની પૂર્વ હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૨૫૨૩, ૨૫૨૨, ૨૪૯૦, ૨૪૮૯, ૨૪૮૬ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૨૪૮૬ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ રે.સ.નં. ૨૫૮૬, ૨૫૮૫, ૨૫૮૪, ૨૪૭૯, ૨૪૭૭, ૨૪૭૬ની અગ્નિ દિશા તરફની હદે-હદે અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈનની હદ સુધી ત્યાંથી અમદાવાદ રેલ્વે લાઈનની નૈઋત્ય દિશા તરફની હદે-હદે વાયવ્ય તરફ ભાલેજ રોડ ઓવરબ્રિજ પાસે રે.સ.નં. ૨૪૪૯ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૨૪૪૯, ૨૪૪૮, ૨૪૬૪, ૨૪૬૩, ૨૫૦૦, ૨૫૦૧, ૨૫૧૮, ૨૫૦૯, ૨૫૧૧ની વાયવ્ય તરફની હદે-હદે (ભાલેજ રોડ) રે.સ.નં. ૨૫૧૧ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૨૮૪૨, ૨૮૪૧, ૨૫૫૮, ૨૫૫૯, ૨૫૬૦ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૨૫૬૦, ૨૫૬૧, ૨૫૬૨, ૨૫૬૪, ૨૫૬૫, ૨૬૧૦, ૨૬૧૧, ૨૬૧૨, ૨૬૧૬, ૨૬૧૭ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૨૬૧૭ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ને. હા. નં. ૪૮ ક્રોસ કરી રે.સ.નં. ૨૫૯૪ ની નૈઋત્ય હદે થઈ રે.સ.નં. ૨૫૯૪ ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૫ ની હદનું વર્ણન.

મોજે ગામ ગામડીના રે.સ.નં. ૪૩૪ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ મોજે ગામ ગામડી-સામરખાના સીમાડે-સીમાડે રે.સ.નં. ૪૩૪, ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૪૨, ૪૪૩, ૪૪૭, ૪૪૮, ૪૫૨, ૪૮૦, ૪૮૧, ૪૮૨, ૪૮૪, ૪૮૬, ૪૮૭, ૪૯૨, ૪૯૩, ૪૯૪ની ઉત્તર હદે-હદે થઈ રે.સ.નં. ૪૯૬ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ રે.સ.નં. ૪૯૬, ૫૪૫, ૫૪૬, ૫૪૮, ૫૪૯ની ઉત્તર હદે-હદે થઈ રે.સ.નં. ૫૪૯ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૫૪૯, ૫૫૦, ૫૫૧, ૫૫૮ની પૂર્વ હદે-હદે થઈ રે.સ.નં. ૬૬૫ ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં.૬૬૬ ની ઉત્તર હદે થઈ અગ્નિ તરફ રે.સ.નં.૬૬૭, ૬૬૬ની ઈશાન હદે-હદે રે.સ.નં.૬૬૯ ની પૂર્વ હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં.૬૭૦, ૬૭૪, ૬૭૫ની ઉત્તર હદે થઈ રે.સ.નં.૬૭૫ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં.૬૭૫, ૬૭૬, ૬૭૭, ૬૮૪, ૬૮૮, ૬૮૯ની પૂર્વ હદે-હદે થઈ રે.સ.નં. ૬૮૯ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૬૮૯, ૬૯૦ થી ૬૯૪ની દક્ષિણ હદે-હદે થઈ રે.સ.નં. ૬૯૫ ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૫૮ થી ૬૨ તથા રે.સ.નં. ૭૩, ૭૪, ૭૭, ૭૮, ૮૨, ૮૮, ૮૯, ૯૨, ૯૩, ૯૪, ૯૬, ૯૭ની પૂર્વ હદે-હદે થઈ રે.સ.નં. ૯૭ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૯૭ થી ૧૦૩ તથા રે.સ.નં. ૨૦૮, ૨૦૯, રે.સ.નં. ૨૧૩ થી ૨૨૦ની દક્ષિણ હદે-હદે થઈ રે.સ.નં. ૨૨૧ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ મોજે ગામ ચીખોદરાના સીમાડે-સીમાડે આણંદના રે.સ.નં. ૨૨૧૪, ૨૨૧૫, ૨૨૧૦, ૨૨૦૬, ૨૨૦૮, ૨૧૫૮, ૨૧૫૩, ૨૧૫૫, ૨૧૫૪, ૨૧૪૦ની પૂર્વ હદે-હદે થઈ રે.સ.નં. ૨૧૪૦ની દક્ષિણ હદ સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ રે.સ.નં. ૨૧૪૦, ૨૧૪૧, ૨૧૪૨, ૨૧૪૫, ૨૧૪૭, ૨૧૪૮, ૨૧૭૦, ૨૧૬૯, ૨૧૭૧, ૨૧૭૨, ૨૨૨૭, ૨૨૨૮, ૨૨૨૯, ૨૨૩૪, ૨૨૪૨, ૨૨૪૪, ૨૨૪૫, ૨૨૪૬ની નૈઋત્ય હદે-હદે અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈનની હદે-હદે રે.સ.નં. ૨૨૪૬ ની ઉત્તર હદ સુધી ત્યાંથી વાયવ્ય તરફ આણંદ-ગોધરા રેલ્વે લાઈન ક્રોસ કરી મોજે ગામ ગામડીના રે.સ.નં. ૩૩૧ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૩૩૧, ૩૩૩, ૩૩૮, ૩૪૦, ૩૪૧, ૩૪૭, ૩૪૯, ૩૫૦, ૩૫૨ની વાયવ્ય હદે-હદે રે.સ.નં. ૩૫૨ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૩૫૬, ૩૫૭, ૩૬૬, ૩૬૭ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૩૬૭ ની ઉત્તર હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૩૬૭ ની ઉત્તર હદે થઈ રે.સ.નં. ૩૬૭, ૩૬૮, ૩૬૯ની વાયવ્ય હદે-હદે થઈ રે.સ.નં. ૩૭૦ ની પશ્ચિમ હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૩૭૦, ૩૮૨ થી ૩૮૪, રે.સ.નં. ૪૦૩, ૪૦૪, ૪૦૬, ૪૦૭, ૪૦૮, ૪૧૦, ૪૧૧, ૪૧૨, ૪૧૩, ૪૨૯, ૪૩૦, ૪૩૩, ૪૩૪ની પશ્ચિમ હદે-હદે થઈ રે.સ.નં. ૪૩૪ ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ વિસ્તાર.

વોર્ડ નં. ૬ ની હદનું વર્ણન.

મોજે ગામ આણંદના ફા.પ્લો.નં. ૮૮ના વાયવ્ય ખૂણેથી શરૂ થઈ પૂર્વ તરફ સો ફૂટના રોડે થઈ ફા.પ્લો.નં. ૮૮, ૯૪, ૫૩૦ની ઉત્તર હદે થઈ ભાલેજ રોડ ફા.પ્લો.નં. ૪૬૪ ની હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૪૬૫, ૪૬૬, ૪૮૦, ૪૮૧, ૪૮૪ની પશ્ચિમ હદે-હદે થઈ ફા.પ્લો.નં. ૪૮૫ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા.પ્લો.નં. ૪૮૩, ૪૮૨, ૪૮૦/૧, ૪૭૯પૈકી પશ્ચિમ હદે-હદે ફા.પ્લો.નં. ૪૭૦ની ઉત્તર હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં. ૪૭૩ ની ઉત્તર હદે થઈ ફા.પ્લો.નં. ૪૭૩ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા.પ્લો.નં. ૪૭૩, ૪૭૨ની પૂર્વ હદે-હદે થઈ ફા.પ્લો.નં. ૨૯૧ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં. ૨૯૧, ૨૮૮પૈકી ની ઉત્તર હદે-હદે ૨૮૮પૈકી ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા.પ્લો.નં. ૨૬૭ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ ફા.પ્લો.નં. ૨૭૪, ૨૭૭/એ, ૨૭૮ની વાયવ્ય હદે-હદે ફા.પ્લો.નં. ૨૭૮ ના ઈશાન ખૂણા સુધી (અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈન સુધી) ત્યાંથી અગ્નિ દિશા તરફ અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈનની હદે-હદે આવેલ ફા.પ્લો.નં. ૧૦૦, ૧૦૨, ૯૯, ૯૮, ૯૭, ૧૧૭, ૧૫૩/૨ની ઈશાન દિશા તરફની હદે-હદે ફા.પ્લો.નં. ૧૫૩/૨ (અમૂલ ડેરી)ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ નૈઋત્ય તરફ આણંદ-ખંભાત રેલ્વે લાઈનની હદે-હદે આવેલ ફા.પ્લો.નં. ૧૫૩/૨, ૧૬૦, ૧૬૪, ૧૬૫, ૧૭૦, ૧૭૬, ૧૮૫, ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૨૦૬, ૨૦૭, ૨૧૬/૧, ૨૧૯/૧, ૨૧૯, ૨૨૦(લોટીયા ભાગોળ તળાવ)ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૨૨૦, ૨૨૧/૧, ૨૨૧, ૨૭૭, ૨૭૯, ૩૦૯, ૩૨૯, ૩૩૧, ૩૭૦-૩૭૮, ૩૭૯, ૩૮૦, ૪૦૭, ૪૦૮, ૧૩-૧૯, ૮, ૭, ૨, ૧ની પશ્ચિમ હદે-હદે ગામડીવડ પાસે ફા.પ્લો.નં. ૪૦૧/૩ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ ફા.પ્લો.નં. ૪૦૧/૩, ૪૦૨/૧, ૪૦૩, ૪૦૪, ૪૦૫, ૪૦૦, ૪૧૦/૫, ૪૧૦/૪ની નૈઋત્ય દિશા તરફની હદે-હદે થઈ બેઠક મંદિરની દક્ષિણ હદ સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ બેઠક મંદિરના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી બેઠક મંદિરની ઉત્તર તરફની હદે થઈ ઈશાન દિશા તરફ આણંદ-ભાલેજ રોડની હદે-હદે ફા.પ્લો.નં. ૬૩ (બી. એન. પટેલ ઈન્સ્ટીટયુટ)ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ ફા.પ્લો.નં. ૬૩, ૬૫, ૬૬, ૭૫, ૭૬ની નૈઋત્ય હદે-હદે થઈ ફા.પ્લો.નં. ૭૬ ના પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ ફા.પ્લો.નં. ૭૬, ૯૧, ૭૪, ૮૯, ૮૮ની વાયવ્ય દિશા તરફની હદે-હદે થઈ ફા.પ્લો.નં. ૮૮ ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૭ ની હદનું વર્ણન.

મોજે ગામ લાંભવેલના રે.સ.નં. ૫૮૩ના વાયવ્ય ખૂણાથી શરૂ થઈ ઈશાન દિશા તરફ રે.સ.નં. ૫૭૦, ૫૭૧ની વાયવ્ય હદે-હદે રે.સ.નં.૧૨૬ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૧૨૬, ૧૨૫, ૧૨૪, ૧૨૩, ૧૨૧, ૧૧૯, ૧૧૮ની વાયવ્ય હદે-હદે થઈ અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈન સુધી રે.સ.નં. ૧૧૮ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈનની હદે-હદે રે.સ.નં. ૧૧૬, ૧૧૫, ૧૧૪, ૧૧૩, ૧૦૬, ૧૦૪, ૧૦૩, ૧૦૨ની ઈશાન દિશા તરફની હદે-હદે રે.સ.નં.૧૦૨ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૦૧, ૯૮, ૯૯, ફા. પ્લોટ નં. ૧૮, ૨૮, ૨૯, ૩૧, ૩૭ ની પૂર્વ હદે-હદે ફા. પ્લોટ નં. ૩૭ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ફા. પ્લોટ નં. ૩૭, ૩૮ ની દક્ષિણ હદે-હદે ફા. પ્લોટ નં.૩૮ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા. પ્લોટ નં.૪૭, ૪૬, ૫૬, ૫૮, ૧૯૧ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ ફા. પ્લોટ નં.૧૯૧, ૧૮૯, ૧૮૮ની ઈશાન હદે-હદે થઈ ફા. પ્લોટ નં.૧૮૮ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ ૧૦૦ ફૂટના રોડ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ ૧૦૦ ફૂટના રોડની ઉત્તર હદે-હદે ફા. પ્લોટ નં. ૮૭ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય તરફ ફા. પ્લોટ નં. ૮૭, ૮૬, ૮૧, ૮૦, ૭૮ની અગ્નિ દિશાની હદે-હદે ફા. પ્લોટ નં.૭૮ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ ફા. પ્લોટ નં. ૫૮, ૫૭, ૬૦, ૬૧, ૬૨ની ઈશાન દિશા તરફની હદે-હદે ફા. પ્લોટ નં. ૬૨ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ નૈઋત્ય તરફ ફા. પ્લોટ નં. ૪૨, ૪૦, ૩૯, ૩૮, ૩૭, ૧૮, ૧૭, ૧૬, ૧૫, ૧૪, ૧૩ની અગ્નિ દિશા તરફની હદે-હદે ફા. પ્લોટ નં.૧૩ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ફા. પ્લોટ નં. ૧૨, ૧૧, ૨૫૦ની દક્ષિણ હદે થઈ ફા. પ્લોટ નં.૨૫૧ (GSRTC BUS STAND)ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ભાલેજ રોડ ક્રોસ કરી સરદાર બાગના ઈશાન ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ સરદાર બાગ, લાયન્સ ક્લબ, મ્યુનિ. શોપ, સહજાનંદ સ્ટેશનરીની ઈશાન હદે-હદે ગામડીવડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ માંડલીયા જ્વેલર્સ-જુના રામજી મંદિર-સરગમ મુખવાસની પૂર્વ હદે-હદે થઈ અશોક સ્તંભ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ઊંડી શેરી-મઠિયાચોરો, કાબરેશ્વર મહાદેવ થઈ દાંડી માર્ગ પાસે આવેલ ફા. પ્લોટ નં.૪૧૫ માં આવેલ વૃંદાવન ટ્રેડ સેન્ટરના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ દાંડીમાર્ગની પૂર્વ તરફની હદે-હદે આણંદ મ્યુનિ. સ્કૂલ-લક્ષ કોમ્પલેક્ષ-આણંદ આર્ટસ કોલેજની પશ્ચિમ હદે-હદે થઈ ગ્રીડ ચોકડી સુધી, ગ્રીડ ચોકડીથી વાયવ્ય દિશા તરફ ફા. પ્લોટ નં. ૨૫૯, ૫૪૨, ૨૬૩, ૨૬૫, ૫૪૧, ૨૬૬, ૪૮૭, ૫૪૦, ૪૮૮, ૪૯૧, ૪૯૨, ૫૦૦, ૫૦૨, ૫૦૩, ૫૦૪, ૫૦૫, ૫૧૪ની નૈઋત્ય હદે-હદે થઈ ૧૦૦ ફૂટના રોડ ઉપરના અટલ ચોક સુધી ત્યાંથી વાયવ્ય તરફ ફા. પ્લોટ નં.૫૨૨, ૨૨૧ થી ૨૨૫,૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૫૫, ૨૫૬, ૨૫૭, ૨૫૮, ૨૬૭, ૨૮૦ (ઝાયડસ હોસ્પિટલ), ૨૮૨, ૨૮૧(મેડીસીનલ એન્ડ એરોમેટીક પ્લાન્ટ રિસર્ચ સેન્ટર) રે.સ.નં. ૫૮૩ની નૈઋત્ય હદે-હદે રે.સ.નં. ૫૮૩ ના વાયવ્ય ખૂણા સુધીના સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૮ ની હદનું વર્ણન.

મોજે ગામ બાકરોલના રે.સ.નં. ૨૧૪૫ના વાયવ્ય ખૂણાથી શરૂ થઈ ઈશાન દિશા તરફ વડતાલ રોડની હદે-હદે રે.સ.નં. ૨૧૪૪, ૨૧૪૩, ૨૦૫૫, ૨૦૫૨, ૨૦૫૧, ૨૦૬૦, ૨૦૪૨, ૨૦૪૧, ૨૦૩૯, ૪૭૫, ૪૭૪, ૪૭૩, ૪૭૨ની ઉત્તર હદે-હદે સંકેત ચોકડી-દાંડીમાર્ગ સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૪૮૫ થી ૪૯૦, ૪૯૯, ૫૦૦, ફા.પ્લો.નં.૨ (જે. કે. પાર્ક)ની પૂર્વ તરફની હદે-હદે અટલચોક સુધી ત્યાંથી નૈઋત્ય તરફ ઈન્દ્રપુરી

સોસાયટી-ધનલક્ષ્મી કોમ્પલેક્ષ, આણંદ આઈ.ટી.આઈ. કોલેજ, ફા.પ્લો.નં.૬૨,૬૧, ૬૦, ૫૯, ૫૮, ૫૭ની ઈશાન દિશા તરફની હદે-હદે ગ્રીડ ચોકડી સુધી ત્યાંથી ફા.પ્લો.નં.૫૬, ૫૫ (માધવ કોમ્પલેક્ષ), સંકેત સેલ્સની પૂર્વ હદે થઈ ટાઉનહોલ ચોકડી સુધી ત્યાંથી દક્ષિણ તરફ આણંદ-નડિયાદ રોડ (દાંડી માર્ગ)ની હદે-હદે ટાઉનહોલ ફા.પ્લો.નં.૩૩૨, ૩૩૧, ૩૨૬, ૩૨૫, ૩૧૮ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ ફા.પ્લો.નં. ૩૧૮, ૩૧૯, ૩૪૧, ૩૪૨, ૩૪૩, ૩૦૯, ૩૧૬, ૩૦૮, ૩૧૧ની દક્ષિણ હદે-હદે (અક્ષરફાર્મ રોડ) ફા.પ્લો.નં. ૩૧૧ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૩૦૮, ૩૦૭ ની પશ્ચિમ હદે થઈ ફા.પ્લો.નં. ૩૦૭ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં. ૩૦૭, ૩૬૭ની ઉત્તર હદે થઈ ફા.પ્લો.નં. ૩૭૬ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૩૭૫, ૩૭૪, ૩૭૩ની પશ્ચિમ હદે-હદે આણંદ-વિદ્યાનગર રોડ સુધી ત્યાંથી પૂર્વ તરફ આણંદ-વિદ્યાનગર રોડની હદે-હદે ફા.પ્લો.નં. ૩૮૪ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા.પ્લો.નં. ૩૮૪, ૩૮૫ ની પૂર્વ હદે થઈ ફા.પ્લો.નં. ૩૮૬ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ ફા.પ્લો.નં. ૧૯૬, ૨૧૮, ૨૧૭ની ઈશાન હદે-હદે (ઓ.એન.જી.સી. લાઈનની હદે-હદે) ફા.પ્લો.નં. ૨૧૭ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ ફા.પ્લો.નં. ૨૦૧ (ઠાકોરજી નગર)ની દક્ષિણ હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા.પ્લો.નં. ૨૧૨, ૨૧૩, ૨૧૦, ૨૦૯ની પૂર્વ હદે થઈ ફા.પ્લો.નં. ૨૦૯ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ફા.પ્લો.નં. ૨૦૯, ૨૦૮, ૨૦૭, ૪૩૯, ૪૩૮, ૪૩૭ (માંગલિક પાર્ટી પ્લોટ), ૪૩૬, ૪૩૪, ૩૫૩, ૩૫૨ની દક્ષિણ તરફની હદે-હદે સરદાર પટેલ રાજમાર્ગ-ગીતા સર્કલ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ફા.પ્લો.નં. ૩૫૧ (પાલિકાનગર), રે.સ.નં. ૭૨ની દક્ષિણ હદે થઈ રે.સ.નં.૭૨ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૭૫ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં.૭૫ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.૭૫, ૭૧/૧, ૭૬ (સરદારનગર, લક્ષ્મીનગર સોસાયટી), ફા.પ્લો.નં.૩૦૮ (યોગીરાજ સોસાયટી), ફા.પ્લો.નં.૩૦૫, ૩૦૪, ૨૯૮, ૨૯૭, ૨૯૬, ૨૯૨ની પશ્ચિમ હદે-હદે થઈ ફા.પ્લો.નં.૨૯૨ (જૈન હોસ્ટેલ) ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં. ૨૯૨, ૨૯૦, ૨૮૯ની ઉત્તર હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૭૫૮ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં. ૭૫૭, ૭૫૮, ૭૫૬, ૭૪૮, ૭૪૭ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઈશાન તરફ રે.સ.નં. ૭૪૩, ફા.પ્લો.નં. ૨૪૮ની વાયવ્ય હદે-હદે રે.સ.નં. ૨૦૬૧ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ રે.સ.નં. ૨૦૬૪ (શાંતિદિપ સોસાયટી), ૨૦૬૫ (જી.એચ.પટેલ કોલેજ), ૨૧૦૬, ૨૧૦૭, ૨૧૧૦, ૨૧૧૨ (અલક નંદા સોસા.), ૨૧૧૬, ૨૧૧૭, ૨૧૧૯ની નૈઋત્ય હદે-હદે રે.સ.નં.૨૧૧૯ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં.૨૧૫૩ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.૨૧૫૩, ૨૧૫૧, ૨૧૫૨, ૨૧૪૯, ૨૧૪૬, ૨૧૪૫ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૨૧૪૫ ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૯ ની હદનું વર્ણન.

મોજે ગામ કરમસદના રે.સ.નં. ૧૮૪૫ના વાયવ્ય ખૂણાથી શરૂ થઈ પૂર્વ તરફ રે.સ.નં. ૧૮૪૬ થી ૧૮૫૬, ૧૯૩૩, ૧૯૩૪, ૧૯૩૬ની ઉત્તર હદે-હદે રે.સ.નં. ૧૯૩૬ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ રે.સ.નં. ૧૯૩૯ ની ઉત્તર હદેથી રે.સ.નં. ૧૯૯૩ ની ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં. ૧૯૪૩, ૧૯૪૪, ૧૯૪૬ની ઉત્તર હદે-હદે રે.સ.નં. ૧૯૪૬ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૯૪૬, ૧૯૪૭, ૧૯૪૯, ૧૯૫૨ની પૂર્વ હદે-હદે રે.સ.નં. ૧૯૫૩ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ રે.સ.નં. ૧૯૫૩, ૧૯૫૭ની અગ્નિ દિશા તરફની હદે-હદે રે.સ.નં. ૧૯૫૯ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૯૫૯, ૧૯૬૦ ના દક્ષિણ હદે-હદે રે.સ.નં. ૧૯૬૧ ના પશ્ચિમ હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૯૬૪ ની પૂર્વ હદે થઈ રે.સ.નં. ૧૯૬૬ ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં. ૧૯૬૭ ની ઉત્તર હદે થઈ રે.સ.નં. ૧૯૬૭ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૯૬૭, ૮, ૯ ની પૂર્વ તરફની હદે-હદે રે.સ.નં. ૧૦ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં. ૨૪, ૨૫, ૩૨, ૩૩, ૩૪/૧, ૩૫ની ઉત્તર હદે-હદે રે.સ.નં. ૩૫ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૩૫, ૩૬ ના પૂર્વ હદે થઈ રે.સ.નં. ૬૩ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૬૩, ૬૬, ૭૫, ૭૬, ૭૮, ૭૯, ૮૦, ૧૦૯ની ઉત્તર હદે રે.સ.નં. ૧૧૦ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૧૧૦, ૧૧૧, ૧૧૨ ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૧૧૨ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૧૧૨, ૧૧૩ ની ઉત્તર હદે રે.સ.નં. ૧૧૩ ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૧૩ ની પૂર્વ હદે-હદે થઈ રે.સ.નં. ૧૧૬ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૧૧૬, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૨ (S.T.P.)ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી S.T.P.ની ઉત્તર હદે-હદે થઈ ઉત્તર તરફ રે.સ.નં. ૧૧ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સી.સ.નં. ૨૦૨૨, પ્લો. નં. કે-૨૨૮, બી. વી. એમ. કેમ્પસ, શાસ્ત્રી ગ્રાઉન્ડ, હોસ્ટેલની ઉત્તર હદે-હદે થઈ નાના બજાર ચોકડી સુધી ત્યાંથી ઉત્તર તરફ સી.સ.નં. ૧૩૧૮ ની પશ્ચિમ હદે થઈ તેના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સી.સ.નં. ૧૧૮૫, ૧૧૮૪, ૧૧૬૧, ૧૧૬૦, ૧૦૯૩, ૧૦૯૪, ૧૦૯૫, ૧૦૯૬, ૧૦૯૭, ૧૦૯૮, ૧૦૯૯, ૧૦૬૩ થી ૧૦૬૯ની ઉત્તર હદે-હદે સી.સ.નં. ૧૦૬૯ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સી.સ.નં.૩ ની પશ્ચિમ તરફની હદે થઈ સી.સ.નં.૩ ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ સી.સ.નં.૨, ૫૬, ૫૫, ૫૪, ૭૩૯ (એસ. પી. યુનિ. સ્ટાફ કોલોની)ની ઉત્તર હદે-હદે થઈ સી.સ.નં.૭૩૯ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ-પશ્ચિમ તરફ સી.સ.નં.૭૩૯, ૭૫૦, ૨ની દક્ષિણ હદે થઈ સી.સ.નં.૧૦૨૮ ની પૂર્વ હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ સી.સ.નં.૧૦૨૭ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સી.સ.નં.૧૦૨૬, ૧૦૨૫, ૧૦૨૪, ૧૦૧૯ ની દક્ષિણ હદે-હદે સી.સ.નં. ૧૦૨૦ની પૂર્વ હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ સી.સ.નં. ૨૪૩, ૨૦૬૬, ૨૦૬૭, ૨૦૭૨, ૨૦૭૩, ૨૦૭૪/એ, ૨૦૮૨, ૨૧૩૦, ૯૫૩, ૯૩૬, ૯૩૫, ૯૧૮, ૯૧૭, ૮૯૮, ૮૯૭, ૮૭૮, ૮૭૭, ૮૬૬, ૮૬૫, ૮૫૪, ૮૫૩, ૮૩૬, ૮૩૫, ૮૧૮, ૮૧૫, ૮૧૬, ૮૧૭ની પૂર્વ હદે-હદે સી.સ.નં.૮૧૭ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સી.સ.નં.૮૧૭, ૮૧૨, ૮૧૧, ૮૦૬, ૮૦૫ની દક્ષિણ તરફની હદે-હદે સ.નં.૨૯૨ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ.નં.૨૯૨ ની પૂર્વ હદે-હદે સ.નં.૨૯૨ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સ.નં.૨૯૨, ૨૯૧ની દક્ષિણ હદે-હદે સી.સ.નં.૫૩૦ ની પૂર્વ હદ સુધી ત્યાંથી દક્ષિણ સી.સ.નં.૫૨૨, ૫૨૧, ૫૧૫ની પૂર્વ હદે-હદે થઈ

સી.સ.નં.૫૧૫ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સી.સ.નં.૫૧૬, ૫૧૭ની દક્ષિણ હદે-હદે સી.સ.નં.૫૧૭ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય તરફ સ.નં.૪૪૦, ૪૩૯, ૪૩૮, ૪૩૭, ૪૩૬ની અગ્નિ દિશા તરફની હદે-હદે (આણંદ-ખંભાત રેલ્વે લાઈનની હદે-હદે) સ.નં.૪૩૪ની દક્ષિણ હદ (સોજીત્રા રોડ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ સ.નં.૪૩૪, ૪૩૪, ૪૩૨, ૪૨૯, ૪૨૮, ૪૨૫, ૪૨૬, ૫૦૫, ૫૦૬, ૫૨૫, ૫૨૬, ૫૨૩, ૫૨૭, ૫૩૯, ૫૩૫, ૫૩૬,૫૩૭, ૫૪૧ (વિવાહ પાર્ટી પ્લોટ), ૫૪૨ની દક્ષિણ હદે-હદે સ.નં.૫૪૨ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ સ.નં. ૫૪૨, ઢેડી તળાવ, ૫૬૨, ૫૬૬, ૫૬૭, ૫૭૩, ૫૭૨ની નૈઋત્ય હદે-હદે કરમસદ ગામતળના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ કરમસદ બસ સ્ટેન્ડ સુધી ત્યાંથી ઉત્તર તરફ જવાહર પોળ, સર્વે ઓફિસ, નગરપાલિકા ઓફિસની પશ્ચિમ હદે થઈ ગામ તળાવ સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ ગામ તળાવની હદે-હદે સ.નં. ૧૯૮૩, ૧૯૮૪, ૧૯૮૫, ૧૯૮૬, ૧૯૭૩, ૧૯૦૬, ૧૯૦૪, ૧૮૩૬, ૧૮૩૭, ૧૮૩૮, ૧૮૪૧, ૧૮૪૩, ૧૮૪૫ની નૈઋત્ય દિશા તરફની હદે-હદે સ.નં. ૧૮૪૫ ના વાયવ્ય ખૂણા સુધીના સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૦ ની હદનું વર્ણન.

મોજે ગામ કરમસદના રે.સ.નં. ૧૬૪૨ના વાયવ્ય ખૂણાથી શરૂ થઈ ઈશાન દિશા તરફ રે.સ.નં. ૧૬૪૨, ૧૬૪૪, ૧૬૪૫, ૧૬૪૬, ૧૭૪૩, ૧૭૪૪, ૧૭૪૫, ૧૭૪૩, ૧૭૫૦ની વાયવ્ય હદે-હદે રે.સ.નં. ૧૭૫૦ની વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૧૭૫૧ની પશ્ચિમ હદે-હદે થઈ રે.સ.નં. ૧૭૫૪ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૧૭૫૪, ૧૭૫૫, ૧૭૭૮, ૧૭૭૯, ૧૭૮૦, ૧૭૮૨ની વાયવ્ય હદે-હદે થઈ રે.સ.નં. ૧૭૮૨ના ઈશાન ખૂણા સુધી (વલાસણ જવાનો રસ્તો) ત્યાંથી વાયવ્ય તરફ રે.સ.નં. ૧૭૯૧ના પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૧૭૯૧, ૧૭૯૨, ૧૭૯૩ની વાયવ્ય હદે-હદે રે.સ.નં. ૧૭૯૪ ના પશ્ચિમ હદ સુધી ત્યાંથી વાયવ્ય તરફ રે.સ.નં. ૧૭૯૪, ૧૭૯૫, ૧૭૯૬, ૧૭૯૭ની નૈઋત્ય દિશા તરફની હદે-હદે રે.સ.નં. ૧૭૯૭ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૧૭૯૭ થી ૧૮૦૩ની વાયવ્ય હદે-હદે રે.સ.નં. ૧૮૦૩ ના ઉત્તર ખૂણા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ રે.સ.નં. ૧૮૦૩, ૧૮૩૫, ૧૮૩૬, ૧૯૮૭, ૧૯૯૨, ૧૯૯૩, ૧૯૯૪, ૧૯૨૯, ૨૦૩૦ની ઈશાન દિશા તરફની હદે-હદે (જોળ તરફના જવાના રસ્તાની હદે-હદે) રે.સ.નં. ૨૦૩૦ના અગ્નિ ખૂણા ગામતળ સુધી ત્યાંથી દક્ષિણ તરફ મહાદેવ ટેમ્પલ સુધી ત્યાંથી પૂર્વ તરફ રામદેવપીર ચોક ત્યાંથી અગ્નિ દિશા તરફ રે.સ.નં. ૫૭૪/૨, ૫૮૮, ૫૮૯, ૫૯૦, ૫૯૧, ૫૯૩, ૫૯૪, ૫૯૬ની ઈશાન દિશા તરફની હદે-હદે આણંદ-સોજીત્રા રોડ સુધી ત્યાંથી પૂર્વ તરફ આણંદ-સોજીત્રા રોડની ઉત્તર તરફની હદે-હદે આણંદ-ખંભાત રેલ્વે લાઈન સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ આણંદ-ખંભાત રેલ્વે લાઈનની હદે-હદે રે.સ.નં. ૧૦૩૮ ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૨૩૩, ૧૨૩૪, ૧૨૩૫, ૧૨૪૩, ૧૨૪૪, ૧૨૪૫, ૧૨૪૬ની દક્ષિણ હદે-હદે રે.સ.નં. ૧૨૪૬ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ રે.સ.નં. ૧૨૫૬, ૧૨૫૭, ૧૨૫૮, ૧૨૬૫, ૧૨૬૭, ૧૨૬૮, ૧૨૬૯, ૧૨૭૦, ૧૨૭૧, ૧૨૯૬, ૧૨૯૭, ૧૨૯૮, ૧૩૮૪, ૧૨૮૫, ૧૫૪૪, ૧૫૪૫, ૧૫૪૬ની નૈઋત્ય દિશા તરફની હદે-હદે રે.સ.નં. ૫૪૬ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૫૫૩ ની દક્ષિણ હદે-હદે રે.સ.નં. ૧૫૫૩ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૧૫૫૩ થી ૧૫૫૭ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૧૬૧૮ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય તરફ રે.સ.નં. ૧૬૧૮, ૧૬૧૯, ૧૬૨૦ની દક્ષિણ હદે-હદે રે.સ.નં. ૧૬૨૦ ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય તરફ રે.સ.નં. ૧૬૨૦, ૧૬૨૧ ની નૈઋત્ય હદે-હદે રે.સ.નં. ૧૬૨૧ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ રે.સ.નં. ૧૬૨૧, ૧૬૨૨, ૧૬૨૪, ૧૬૨૫, ૧૬૨૭, ૧૬૨૮ની પશ્ચિમ હદે થઈ રે.સ.નં. ૧૬૨૯ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં. ૧૬૨૯ થી ૧૬૩૨, ૧૬૩૫ થી ૧૬૩૬ની ઉત્તર હદે-હદે રે.સ.નં. ૧૬૩૬ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૧૬૪૨ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૧૬૪૨ના વાયવ્ય ખૂણા સુધીના સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૧ ની હદનું વર્ણન.

મોજે ગામ કરમસદના રે.સ.નં. ૨૮૮ના વાયવ્ય ખૂણાથી શરૂ થઈ પુર્વ તરફ બાવીસ ગામ કેમ્પસની પશ્ચિમ હદે, ઉત્તર હદે તથા પૂર્વ તરફની હદે થઈ રે.સ.નં. ૨૯૯ ની ઉત્તર હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ કરમસદના રે.સ.નં. ૨૯૯ થી ૩૦૨, ૩૦૪ થી ૩૦૭ ની ઉત્તર હદે-હદે રે.સ.નં. ૩૦૭ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૩૦૭, ૩૦૯, ૩૧૦ ની પૂર્વ હદે-હદે આણંદ-ખંભાત રેલ્વે લાઈન સુધી ત્યાંથી પૂર્વ તરફ આણંદ-ખંભાત રેલ્વે લાઈનની હદે-હદે ફા.પ્લો. નં. ૧૪ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા.પ્લો.નં. ૧૪, ૧૫, ૧૩૬, ૧૩૭ ની પૂર્વ હદે-હદે ફા.પ્લો.નં.૧૩૭ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ફા.પ્લો.નં. ૧૩૭ ની દક્ષિણ હદે-હદે ફા.પ્લો.નં.૧૪૮ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા.પ્લો.નં.૧૪૮, રે.સ.નં. ૧૫૭, ૧૫૮, ૧૬૧+૧૬૨, ૧૬૩/૨, ૧૬૪, ૧૬૫, ૩૦૨, ૩૦૩ ની પૂર્વ હદે-હદે રે.સ.નં. ૩૧૪ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં.૨૫૧, ૨૫૦, ૨૪૯ ની ઉત્તર હદે થઈ ફા.પ્લો.નં. ૨૪૯ ના ઈશાન ખૂણે સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા.પ્લો.નં.૨૪૯, ૨૪૮ ની પૂર્વ હદે થઈ ફા.પ્લો.નં. ૨૪૭ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં.૨૪૬, ૨૪૩, ૨૪૨, ૨૩૬, ૨૩૫, ૧૯૩, ૧૯૨ ની ઉત્તર હદે-હદે ફા.પ્લો.નં.૧૯૨ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ દાંડીમાર્ગની પૂર્વ હદે-હદે રે.સ.નં.૧૮૮ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં. ૧૮૮ ના ઉત્તર-અગ્નિ-ઈશાન હદે થઈ રે.સ.નં. ૧૮૭ની ઈશાન હદે-હદે થઈ રે.સ.નં. ૧૮૦ ની ઉત્તર હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ રે. સ. નં. ૧૮૦, ૧૬૩, ૧૬૦/૨, ૧૫૯, ૧૫૮ ની ઉત્તર હદે-હદે રે. સ. નં. ૧૫૮ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૫૮, ૧૫૭, ૧૫૬, ૧૫૫, ૧૫૨, ૧૫૧, ૧૨૭, ૧૨૬, ૧૨૪, ૯૫, ૯૪, ૯૧, ૯૦, ૮૬ની પૂર્વ હદે-હદે રે.સ.નં.૮૬ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ રે.સ.નં.૮૬, ૮૫, ૮૪, ૨૮, ૨૭, ૨૬, ૨૨, ૨૧,૨૦/૧, ૧૯/૨, ૧૯/૧, ૬૭૫, ૬૭૬, ૭૧૬, ૭૧૭, ૭૨૪, ૭૨૫, ૭૪૫, ૭૪૬, ૭૪૮ની અગ્નિ તરફની દિશાની હદે-હદે રે.સ.નં.૭૪૮ ના દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં.૭૪૯, ૭૫૩, ૭૬૦, ૭૬૧, ૭૬૩ ની દક્ષિણ તરફની હદે-હદે રે.સ.નં.૮૬૩ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ રે.સ.નં.૭૬૪ થી ૭૬૭, ૭૭૨, ૭૭૩,

૭૭૪, ૭૭૫, ૭૭૭, ૭૭૮, ૭૯૩, ૭૯૪, ૭૯૭, ૭૯૮, ૭૯૯, ૮૩૫, ૮૩૬ની નૈઋત્ય દિશા તરફની હદે-હદે રે.સ.નં.૮૩૬ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ રે.સ.નં.૯૫૦, ૯૫૧, ૯૫૨, ૯૫૩, ૯૫૯, ૯૬૦ની અગ્નિ દિશા તરફની હદે-હદે રે.સ.નં.૯૬૦ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૯૬૨, ૯૬૪, ૯૬૫, ૯૬૬, ૯૬૭, ૯૬૮, ૯૬૯ની પૂર્વ હદે-હદે રે.સ.નં. ૯૬૯ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૯૬૯ થી ૯૭૧, ૯૮૨ થી ૯૯૨ની દક્ષિણ હદે-હદે રે.સ.નં.૯૯૨ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.૯૯૨ થી ૯૯૪, ૧૦૦૯, ૧૦૧૩, ૧૦૧૪, ૧૦૧૭, ૧૦૧૮ ની પશ્ચિમ તરફની હદે-હદે રે.સ.નં.૧૨૧૭ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી રે.સ.નં.૧૨૧૭ ની દક્ષિણ હદે થઈ રે.સ.નં.૧૨૧૮ ની નૈઋત્ય હદે થઈ ઉત્તર તરફ રે.સ.નં.૧૨૧૯ ની પશ્ચિમ દિશાની હદે-હદે રે.સ.નં. ૧૨૨૧ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૨૨૧, ૧૨૨૨ ની દક્ષિણ હદે-હદે રે.સ.નં.૧૨૨૨ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરકફ રે.સ.નં. ૧૨૨૨, ૧૨૨૩, ૧૨૨૪, ૧૨૪૨, ૧૨૪૪, ૧૨૪૫, ૧૨૪૬ ની નૈઋત્ય દિશા તરફની હદે-હદે રે.સ.નં.૧૨૪૬ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૨૪૬ ની દક્ષિણ હદે થઈ રે.સ.નં. ૧૨૪૬ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.૧૨૪૬, ૧૨૪૭, ૧૨૪૮ ની પશ્ચિમ હદે-હદે થઈ રે.સ.નં.૧૩૮૩ ના દક્ષિણ હદ સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ રે.સ.નં. ૧૩૮૩, ૯૧૪, ૯૧૫, ૯૧૯, ૯૨૦, ૯૨૧, ૯૨૨, ૯૩૧, ૯૩૨, ૯૩૬, ૯૩૭ ની દક્ષિણ હદે-હદે થઈ રે.સ.નં. ૯૪૦ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૯૪૦, ૯૪૧, ૯૪૩ ની પૂર્વ તરફની હદે થઈ રે.સ.નં. ૯૪૩ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૯૪૩, ૯૪૪, ૯૪૫, ૯૪૭, ૯૪૯, ૯૫૦ થી ૯૫૪ ની દક્ષિણ હદે- હદે થઈ રે.સ.નં.૯૫૪ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૯૫૪, ૯૫૫ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૯૫૬ ની વાયવ્ય ખૂણે આણંદ-ખંભાત રેલ્વે લાઈન સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ આણંદ-ખંભાત રેલ્વે લાઈનની હદે-હદે વિદ્યાનગર રેલ્વે સ્ટેશન સુધી ત્યાંથી ઉત્તર તરફ આઈ. બી. પટેલ સ્કૂલ, અવકૂલની ઉત્તર હદે થઈ રે.સ.નં.૩૩૪ની પશ્ચિમ હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.૩૩૪, ૩૩૩ ની પશ્ચિમ હદે થઈ રે.સ.નં.૩૩૩ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં.૩૩૩, ૩૩૨, ૩૩૦, ૩૨૯, ૩૨૮ની ઉત્તર હદે-હદે રે.સ.નં.૨૯૫ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.૨૯૪, ૨૯૩, ૨૮૮ની પશ્ચિમ હદે-હદે થઈ રે.સ.નં.૨૮૮ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૨ ની હદનું વર્ણન.

મોજે ગામ આણંદના આણંદ-વિદ્યાનગર રોડ પર આવેલ ફા.પ્લો.નં. ૧૮૦ માં દેના પરિવાર સોસાયટીના વાયવ્ય ખૂણાથી શરૂ થઈ આણંદ-વિદ્યાનગર રોડની દક્ષિણ હદે-હદે પૂર્વ તરફ ફા.પ્લો.નં. ૩૭૨ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ફા.પ્લો.નં.૩૭૨, ૩૬૯, ૩૬૮ની પૂર્વ હદે-હદે ફા.પ્લો.નં.૩૬૮ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ફા.પ્લો.નં.૩૬૮ની દક્ષિણ હદે-હદે ઓમકારેશ્વર રોડ સુધી ત્યાંથી ઓમકારેશ્વર રોડની હદે-હદે ફા.પ્લો.નં.૩૧૨ની ઉત્તર હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં.૩૧૨ થી ૩૧૫, ૫૧, નારાયણ કોમ્પલેક્ષની ઉત્તર હદે-હદે આણંદ-નડિયાદ રોડ (દાંડીમાર્ગ) ક્રોસ કરી પૂર્વ તરફ અમૃતવાડી, ફા.પ્લો.નં. ૪૦૦, માનિયાની ખાડ, આણંદ ગામતળમાં ધર્મશાળા, મઠિયાચોરા થઈ ટાવર બજાર સુધી ત્યાંથી દક્ષિણ તરફ રાવળવાસ-વડવાળું ફળિયું, પગીવાળું ફળિયાની પૂર્વ હદે-હદે આણંદ-નડિયાદ (દાંડીમાર્ગ) સુધી ત્યાંથી દક્ષિણ તરફ આણંદ-નડિયાદ (દાંડીમાર્ગ)ની હદે-હદે આર.ઓ.બી. આણંદ-ખંભાત રેલ્વે ક્રોસ કરી દશામાં ટેમ્પલના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી બોરસદ ચોકડી છાપરા થઈ મંગલમિલન સોસાયટી સુધી ત્યાંથી દક્ષિણ તરફ આણંદ-સોજીત્રા રોડ ક્રોસ કરી રે.સ.નં. ૧૩૨૭ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ક્રિષ્ના કોમ્પલેક્ષની હદે થઈ ત્યાંથી દક્ષિણ તરફ દાંડીમાર્ગની પશ્ચિમ હદે-હદે રે.સ.નં.૧૨૨૨ આકૃતિનગરના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૨૨૨, ૧૨૧૫, ૧૨૧૪, ૧૨૦૦ની દક્ષિણ હદે-હદે રે.સ.નં.૧૨૦૦ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.૧૨૦૦ ના પશ્ચિમ હદે થઈ રે.સ.નં.૧૧૯૬ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ૧૧૯૬, ૧૧૩૫, ૧૧૩૩, ૧૧૩૨ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.૧૧૩૨, ફા.પ્લો.નં. ૨૭૪, ૨૭૭, ૧૬૯ (પાલિકાનગર), ૧૫૪, ૧૫૨, ૧૫૧, ૧૪૮ની પશ્ચિમ હદે-હદે ફા.પ્લો.નં.૧૪૮ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ફા.પ્લો.નં. ૧૪૮ ની ઉત્તર હદે થઈ ફા.પ્લો.નં.૧૩૫ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં.૧૩૫, ૨૦, ૧૯, ૧૮, ૧૭, ૧૬ની પશ્ચિમ હદે-હદે થઈ આણંદ-ખંભાત રેલ્વે લાઈન ક્રોસ કરી ફા.પ્લો.નં. ૨૨૭ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી પૂર્વ તરફ આણંદ-ખંભાત રેલ્વે લાઈનની હદે-હદે ફા.પ્લો.નં. ૨૩૮ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૨૩૮, ૨૪૨, ૨૪૧, ૨૪૭, ૩/૧, ૧ ની પશ્ચિમ હદે-હદે ફા.પ્લો.નં.૧ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ફા.પ્લો.નં.૧, ૨ ની ઉત્તર હદે-હદે ફા.પ્લો.નં.૨૧૬ (અક્ષરફાર્મ)ની હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં. ૨૧૬, ૨૧૫, ૨૧૪ ની પશ્ચિમ હદે થઈ ઈશાન દિશા તરફ ફા.પ્લો.નં.૨૧૪ ની દક્ષિણ હદ સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ ફા.પ્લો.નં.૨૨૪, ૨૨૩, ૨૨૨, ૨૧૯, ૧૯૫, ૧૮૭ની નૈઋત્ય દિશાની હદે-હદે ફા.પ્લો.નં.૧૮૭ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ફા.પ્લો.નં.૧૮૬, ૧૮૦ની પશ્ચિમ હદે-હદે ફા.પ્લો.નં.૧૮૦ (દેના પરિવાર)ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૩ ની હદનું વર્ણન.

મોજે ગામ આણંદના બોરસદ ચોકડી પાસે સી.સ.નં. ૧૬૨૫ (વેર હાઉસ)ના વાયવ્ય ખૂણેથી શરૂ થઈ આણંદ-ખંભાત રેલ્વે લાઈનની હદે-હદે જિલ્લા સેવા સદન, કલેક્ટર ઓફિસ, મહી કેનાલની ઉત્તર હદે-હદે કૈલાસનગર ફા.પ્લો.નં. ૭૯ની ઉત્તર હદ સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ આણંદ-ખંભાત રેલ્વે લાઈનની હદે-હદે અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈન ફા.પ્લો.નં. ૧ની ઉત્તર હદ સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ અમદાવાદ-મુંબઈ રેલ્વે લાઈનની હદે-હદે ફા.પ્લો.નં.૧૩૫ સુધી (સાત ઓરડી રેલ્વે ક્રોસિંગ) ત્યાંથી રેલ્વે લાઈન ક્રોસ કરી અગ્નિ દિશા તરફ રે.સ.નં. ૨૧૩૧, ૨૧૩૦, ૨૧૨૯, ૨૧૨૬ની પૂર્વ હદે-હદે રે.સ.નં. ૨૧૨૬ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી રેલ્વે લાઈન ક્રોસ કરી પશ્ચિમ તરફ આણંદ એગ્રીકલ્ચર કેમ્પસની હદે-હદે રે.સ.નં. ૨૧૧૭, ૨૧૧૬, ૨૧૦૯, ૨૧૦૪, ૨૧૦૫, ૧૮૩૫, ૧૮૩૬, ૧૮૩૩, ૧૮૨૨ની દક્ષિણ હદે થઈ હાડગુડ રોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ હાડગુડ રોડની હદે-હદે રે.સ.નં. ૧૮૧૪ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૮૧૪, ૧૮૧૩ ની દક્ષિણ હદે-

હદે રે.સ.નં. ૧૮૧૨ ની પૂર્વ હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૮૧૨, ૧૮૦૧ ની પૂર્વ હદે-હદે રે.સ.નં. ૧૮૦૧ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ૧૮૦૧, ૧૮૦૦, ૧૭૯૬, ૧૭૮૨, ૧૭૬૭ ની દક્ષિણ હદે-હદે રે.સ.નં. ૧૭૬૭ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રે.સ.નં. ૧૭૬૦, ૧૭૬૩, ૧૭૩૨ની પૂર્વ હદે-હદે રે.સ.નં. ૧૭૩૨ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૭૩૨, ૧૭૬૦, ૧૭૫૯ ની દક્ષિણ હદે રે.સ.નં. ૧૭૫૯ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૧૭૫૯, ૧૭૬૦, ૧૭૬૩, ૧૭૫૫, ૧૭૫૪ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૧૭૪૨ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી વિદ્યા ડેરી રોડ ક્રોસ કરી પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૨૭૪, ૧૨૭૨, ૧૨૭૧ની દક્ષિણ હદે-હદે રે.સ.નં. ૧૨૭૧ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન દિશા તરફ રે.સ.નં. ૧૨૭૧, ૧૨૭૦, ૧૨૮૫, ૧૨૬૩, ૧૨૧૮, ૧૨૨૬ની નૈઋત્ય દિશા તરફની હદે-હદે રે.સ.નં. ૧૨૨૬ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ દાંડીમાર્ગની હદે-હદે રે.સ.નં. ૧૨૨૬, ૧૨૨૫, ૧૨૨૪, ૧૨૨૩, ૧૨૩૬, ૧૨૩૮, ૧૩૨૧, ૧૩૨૨, ૧૩૨૬ની પશ્ચિમ હદે-હદે રે.સ.નં. ૧૩૨૬ (વેટરનરી કેમ્પસ)ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ભીમદેવ ફળિયુંના પશ્ચિમ હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ ભીમદેવ ફળિયાની પશ્ચિમ હદે-હદે આણંદ-સોજીત્રા રોડ ક્રોસ કરી પૂર્વ તરફ આણંદ-સોજીત્રા રોડની ઉત્તર હદે-હદે બોરસદ ચોકડી સુધી ત્યાંથી ઉત્તર તરફ સ.નં. ૧૬૨૫ની પશ્ચિમ હદે-હદે આણંદ-ખંભાત રેલ્વે લાઈન પાસે સ.નં. ૧૬૨૫ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગ

ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-મનપા-કરમસદ આણંદ ચુનિટ-૮-૨૦૨૫. તા. ૧૭/૦૯/૨૦૨૫નું બિડાણ.

કરમસદ આણંદ મહાનગરપાલિકાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ કુલ વસતી	૨૯૩૪૨૦		
કુલ વોર્ડની સંખ્યા	૧૩		
વોર્ડ દીઠ સરેરાશ વસતી	૨૨૫૭૧	સરેરાશ વસતીના ૧૦ ટકા વધ મુજબ :	૨૪૮૨૮
		સરેરાશ વસતીના ૧૦ ટકા ઘટ મુજબ :	૨૦૩૧૪
બેઠકોની સંખ્યા	૫૨		
કુલ સ્ત્રી બેઠકો	૨૬		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૪	તે પૈકી ૭ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૩૫		
સામાન્ય બેઠકો	૧૭		

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૨૩૫૫૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૨૨૯૮૩	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૩૬૨૪	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૪	૪	૨૨૦૬૧	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૨૧૯૯૮	અનુસૂચિત આદિજાતિ	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૬	૬	૨૧૨૬૬	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૩૮૮૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૨૨૯૧૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૨૧૨૨૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૦	૧૦	૨૦૩૭૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૧	૧૧	૨૦૮૬૦	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨	૧૨	૨૪૦૮૮	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૩	૧૩	૨૪૫૯૪	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	**૨૯૩૪૨૦**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.25 15:38:28 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar